# : ફાતેમા (અ.સ.) જન્નતની ખુશ્બૂ છે :

અહલે સીરત તેહરીર ફરમાવે છે કે, મૌલાતના ફાતેમતુઝઝહરા (અ.સ.) આદમીની જિન્સના હુરૂલઈન હતા, જેઓને બૈરોની જિસ્માની તકલીફ અને નાપાકી આવી નથી. અલ્લાહતઆલાએ આપનું નામ "ફાતેમા" એ વાસ્તે રાખું કે આપ આપના શીઆ મોહિબ્બોને જહન્નમની આગના અઝાબથી આઝાદ કરશે. અહલે સુન્નતના મશ્હૂર ઓલમા રસૂલુલ્લાહ બાવાજીની સનદથી રિવાયત રકમ કરે છે કે, આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"જિબ્રઇલ (અ.સ.) જન્નતનું તુફફાહ (ફલ) લઇને આવા જે હું જમો અને પછી મૌ. ખદીજતુલ કુબરાને કરીબ થયો, તો તેઓ મૌ.ફાતેમા (અ.સ.) થી હામેલા થયા."** તે બાદ મૌ.ખદીજાહ કહેતા હતા કે મને હમલની કોઇ જ તકલીફ થઇ નથી અને જે વક્ત હું તન્હાઇમાં રહેતી તો જે મૌલૂદ મારા પેટમાં હતું તે મારી સાથે વાત કરતું. પછી જે વક્ત મૌ.ખદીજતુલ કુબરાને વિલાદતનું દર્દ થયું તો આપે કુરૈશના બૈરોને તલબ કીધા જેથી તમામ એહતેમામ કરી શકે, પણ કોઇ બૈરો હાઝિર ન થયા અને કોઇ આપના મદદ પર ન આવા અને એમ કહ્યું કે, "તમે તો હવે મોહંમદના ઝૌજહ થઇ ગયા છે." આ દૌરાન આપની ખિદમતમાં ચાર ખૂબસૂરત અને નૂરાનીદાર બૈરો દાખિલ થયા જેની ઝબાન સિફત ન કરી શકે, તેઓમાંથી એક કહેવા લાગા કે, "હું આપના માઁ હવ્વા છું," બીજા બોલા કે, "હું ફિરઔનના મુમેના બૈરો માઁ આસીયા બિન્તે મુઝાહિમ છું", ત્રીજાએ કલામ કીધો કે, "હું મૂસાના બહેન કુલસૂમ છું", અને આખિરી બૈરો ફરમાવવા લાગા કે, "હું ઈસાના માઁ સાહેબા મરિયમ બિન્તે ઈમ્રાન છું. **હમેં આપની ખિદમતમાં હાઝિર થયા છે જેથી બૈરોને સુવાવડને વક્ત જે ઝેહમત અને તકલીફ પૈશ આવે છે તેમાં હમેં આપની યારી અને મદદ કરી શકીએ".** પછી મૌ.ફાતેમતુઝઝહરા (અ.સ.) ની વિલાદત થઇ, આપ આ ખલ્કની ફિઝામાં આવા કે આપે આપના સર મુબારકને ઝમીન પર ઝુકાવીને સજદો કીધો અને બેવે હાથની આંગલીઓને ઊંચી કીધી ગોયા કે અલ્લાહ જ ઈબાદતને લાયક છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની આદતે શરીફા હતી કે, જે વક્ત મૌ.ફાતેમા આપને સામે આવતા તો આપ આપની ઝબાનને મૌ.ફાતેમાની ઝબાન પર મુકતા ગોયા કે આપ મધને ચાટી રહ્યા હોય. આ ચીઝ જોનારે પૂછું કે, યા રસૂલુલ્લાહ, આ મુજબ અમલ કરવાનો સબબ શું છે ? તો આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "જે વક્ત મને મેઅરાજ નસીબ થઇ તો જિબ્રઈલે મને જન્નતમાં દાખિલ કીધો અને મને એક ફલનો તોહફો આપો અને હું તેને જમો જેથી મારા પીઠમાં નુત્ફો રહ્યો. પછી જે વક્ત હું આસ્માન પરથી ઉતરો અને મૌ.ખદીજાહ સાથે મુકારેબત કીધી. મૌ.ફાતેમા (અ.સ.) આ નુત્ફાનો નતીજો છે અને જે વક્ત પણ હું આ જન્નતના ફલની ખુશબોનો શૌક કરૂં છું તો મૌ.ફાતેમાના મૂઁહમાં મારી ઝબાનને મુકું છું."

કિતાબ શરહુલ અખ્બારમાં સૈયદના કાઝીન્નોઅમાન (ક.રૂ.) રિવાયત બયાન કરે છે કે, મૌલાતના ફાતેમતુઝઝહરા (અ.સ.) ના ઘરમાં ત્રણ દિનથી ફાકા હતા, કોઇ જમનની ચીઝ મોહય્યા ન હતી. અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) એક સહાબીને પાસેથી એક દીનાર કર્ઝ કરી લઇને આવતા હતા કે રસ્તામાં મૌ.મિકદાદ મીલા જેના ઘરમાં ચાર દિનથી ફાકા હતા. હ.અલી (અ.સ.) એ મૌ. મિકદાદને કહ્યું કે, મારા કરતા તમેં આ એક દીનારના ઝિયાદહ હક્કદાર છો, તે બાદ આપ મસ્જિદમાં પધારા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે મગરિબની નમાઝ પઢી. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) તે દિન રોઝદાર હતા. **જિબ્રઇલે આવીને સલામ બોલા બાદ આપને કહ્યું કે, અય નબીયલ્લાહ, તમેં આજે મૌ.અલી ના ઘર જઇને ઇફતાર કરજો.** મૌ.અલી (અ.સ.) ના ઘરમાં તો ત્રણ દિનના ફાકા હતા. નમાઝ બાદ રસૂલે કરીમ (સ.અ.વ.વ.) એ અલી (અ.સ.) નો હાથ પકડો અને હુજરએ ફાતેમા તરફ ચાલવા લાગા. ફિઝ્ઝાએ માઁ ફાતેમાને કહ્યું કે, અય શાહઝાદી, નબી સાહબ તો અલીને સાથે ઈફતાર વાસ્તે પધારે છે. ફાતેમા ફિકરમંદ થયા. કેટલીક રકાત નમાઝ પઢી અને દોઆ કીધી કે, "યા રઝઝાકુલ બરાયા, યા મોઅતીયસ સોઅલાતે વલ અતાયા, આપ રોતા રોતા અરઝ કરતા કે, અય પરવરદિગાર, ઘરમાં અનાજનો દાણો નથી અને બાવાજી સાહબ ઈફતાર વાસ્તે તશરીફ લાવે છે. હું શરમાઉં છું કે મારા ઘરની આબરૂં તું રાખી લે અને જેમ માઁ મરયમ (અ.સ.) વાસ્તે જન્નતમાંથી તું એ જમનનું થાલ ઉતારૂં તેમ હમ અહલેબૈત ઉપર તું જન્નતના તબકને ઉતાર." મૌ.ફાતેમતુઝઝહરાની આ દોઆ તમામ ન થઇ કે તે જ વક્ત તાઝા મલીદાનું તબક જન્નતની કસ્તૂરીની ખુશ્બૂથી મોઅત્તાર નાઝિલે હુજરએ ફાતેમા થયું અને પંજતને પાક (અ.સ.) એ બેસીને અલ્લાહની જન્નતી નેઅમત તનાવુલ કીધી. આ શાનાતના મઝહર હમારા માઁ ફાતેમા (અ.સ.) છે અને કેમ ન હોય ? આપ તો જહાનના બૈરાઓના સરદાર છે.

**શાને અતાએ ખાલિકે અકબર હૈં ફાતેમા,**
**કૌનો મકાઁ મેં રેહમતે દાવર હૈં ફાતેમા.**
**કુદરતને ખુદ સજા કે ઇમામત કે નૂર સે,**
**બખ્શા જો તાજ રખ્ખે વો સર પર હૈં ફાતેમા.**
**શૌહર વલીએ હક્ક હે તો બેટા ઝબીએ હક્ક,**
**ઐસી રસૂલે પાક કી દુખ્તર હૈં ફાતેમા.**
**હવ્વા તું નસ્લે આદમી કી સિર્ફ માઁ બની,**
**સરદારી કે શરફસે તું બઢકર હૈં ફાતેમા.**
**બર આએ મુદ્દઆએ દિલી મુમીનોં કી આજ,**
**બાદે સના સખુન મેરે લબ પર હૈં ફાતેમા.** ★